**સ્પે. દિવાની દાવા નંબર ૧૦/૧૯૯૫ ના કામે આંક-૧ હેઠળ હુકમ:-**

---

(૧) સદર કામ આંક:-૧૭૫ થી રજુ વાદી ની સરતપાસની વધુ ઉલટ તપાસના સ્ટેજ પર છે. સદર કામના પ્રતિવાદી કેસની પાછલી તારીખે તથા આજરોજ કલાક-૧૧/૦૦ થી કોર્ટ સમક્ષ વાદીની ઉલટ તપાસ લેવા માટે હાજર છે. પરંતુ કેસની પાછલી તારીખ ૧૭/૧૧/૨૦૨૧ ના રોજ વાદી પક્ષ કલાક-૧૪/૦૦ સુધી કોર્ટ સમક્ષ આવેલા નહી અને કોઈ ત્રાહીત વકીલ મારફતે આંક-૩૬૯ થી રજુ મુદત અરજી રજુ કરી દિધેલી. જે મુદત અરજીમાં વાદીએ મુખ્ય રૂપથી એવુ કારણ દર્શાવેલ કે, '' છેલ્લા લગભગ ૫-૬ દિવસ દરમ્યાન તાવ-શરદી ને ઉંમરના કારણે પીઠના મણકાના સખત દુખાવા-પીડાને કારણે અમો ઉઠી બેસી શકીએ કે હાલી -ચાલી શકીએ તેવી અમારી બીલકુલ સ્થીતી નથી અને ડોકટરે અમોને બે અઠવાડીયા સુધી સંપુર્ણ બેડ-રેસ્ટ કરવાની સલાહ આપેલ છે.'' તેઓએ વધુમાં જણાવેલ હતુ કે, '' હાલ હું આરામ-ઉપચાર માટે બહારગામ હોઉ, અન્ય મારફત આ મુદત મળવા અંગેનો રીપોર્ટ મોકલી આપેલ છે.'' તેઓએ વધુમાં જણાવેલ હતુ કે, ''તા.૧૭/૧૧/૨૧ ની

મુદતે હું આપ નામદાર કોર્ટ સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી શકુ તેમ નથી.'' જે મુદત અરજી આ કોર્ટ દ્રારા આવતી તારીખે એટલે કે આજરોજ મેડીકલ મેડીકલ સર્ટીફીકેટ રજુ કરવાની શરતે ને સવારે ૧૧/૦૦ થી ૧૪/૦૦ સુધી સામાવાળાને બેસી રહેવુ ન પડે તે માટે ભવિષ્યમાં ૧૧/૩૦ સુધીમાં રીપોર્ટ રજુ કરવાની શરતે મુદત મંજુર કરવામાં આવે છે. તેવા આદેશ સાથે મંજુર કરવામાં આવેલી હતી.

જે હુકમ થયા બાદ પ્રતિવાદી પક્ષના વકીલશ્રી દ્રારા આ કોર્ટનું ધ્યાન દોરવામાં આવેલ કે, સદર વાદી કોર્ટ લોબીમાંજ હાજર છે. જેથી આ કોર્ટ દ્રારા ખાત્રી કરાવવામાં આવતા વાદી શાંતીલાલા રંગપરીયા કોર્ટ લોબીમાં હાજર જ હતા અને અત્રેની કોર્ટ ના પટ્ટાવાળા શ્રી એસ.એમ.મકવાણા પાસેથી પેન મેળવીને મુદત અરજીમાં સહી કરેલાનું જાહેર થયેલ હતુ. આમ, આ કામના વાદી તા.૧૭/૧૧/૨૧ ના રોજ કોર્ટ લોબીમાં હાજર હોવા છતા તેઓએ પોતાની સહીથી પોતે બીમારી સબબ કોર્ટમાં હાજર રહી શકે તેમ નથી અને સારવાર માટે બહાગામ ગયેલા હોવાથી આવી શકે તેમ નથી ખોટી વિગત જાહેર કરતો આંક–૩૬૯ નો મુદત રીપોર્ટ રજુ કરેલો હતો. જેથી આ કોર્ટ દ્રારા આંક–૩૬૯ હેઠળ વધુ હુકમ કરી વાદીએ કોર્ટ પ્રોસડીંગમાં ખોટી હકીકત જાહેર કરેલી હોય અને તે આઈ.પી.સી પ્રકરણ–૧૧ હેઠળ શિક્ષાને પાત્ર કુત્ય હોય વાદી વિરૂધ્ધ ફોજદારી ગુનાની ફરીયાદ

કરવા માટે કોર્ટ બીલ્ડીંગમાં લાગેલા સી.સી.ટી.વી કેમેરાના ફુટેજ મેળવવા નામદાર જીલ્લા ન્યાયાધિશ શ્રી, જુનાગઢને પત્ર લખેલ હતો.

આજરોજ પણ પ્રતિવાદી પક્ષ કલાક–૧૧/૦૦ થી વાદીની ઉલટ તપાસ કરવા માટે કોર્ટ સમક્ષ હાજર હોવા છતા વાદી કલાક–૧૨/૩૦ સુધી કોર્ટમાં હાજર નથી. તેમજ અગાઉ હુકમ થયેલ હોવા છતા સમયસર મુદત રીપોર્ટ હાલ સુધી રજુ કરેલો નથી. જે ધ્યાને લેતા આ કામના વાદી પોતાની ઉલટ તપાસ માટે કોર્ટ સમક્ષ હાજર રહેતા ન હોય અને ટ્રાયલ આગળ ન ચાલી શકે તે માટે ખોટા કારણો દર્શાવી કોર્ટમાં ઉલટ માટે હાજર ન રહવા મુદત અરજી રજુ કરતા હોય. વાદીનુ કંડકટ ધ્યાને લેતા વાદી હાલનો દાવો આગળ ચલાવવામાં રસ દાખવતા ન હોય, વાદીની ગેરહાજરી સબબ હાલનો દાવો ડીસમીસ ફોટ ડીફોલ્ટથી ફેસલ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૪/૧૧/૨૦૨૧ ના ખુલ્લી કોર્ટ માં જાહેર કર્યા.

સ્થળ:– જુનાગઢ
તારીખ:– ૨૪/૧૧/૨૦૨૧

**(મિહિરદેવસિંહ જે. ઝાલા)**
મુખ્ય સીનીયર સીવીલ જજ
જુનાગઢ
GJ00809